PREVENTION OF COVID-19

GUJARAT GAS

# PNG
## (PIPED NATURAL GAS)

જ્યારે આખું વિશ્વ આ જીવલેણ મહામારી સામે લડી રહ્યું છે ત્યારે આ લડતમાં જીજીએલ પણ પોતાના તમામ ગ્રાહકોને અવિરત સેવાઓ આપીને પોતાનો ફાળો આપી રહ્યું છે. જીજીએલ “નેચરલ ગેસ” નો પૂરવઠો પૂરો પાડે છે જે આપણા રોજિંદા જીવનની મૂળભૂત આવશ્યકતાઓમાંની એક છે અને એટલે જ જીજીએલ ઘરમાં અથવા ફેક્ટરીમાં તેની સતત ઉપલબ્ધતાના મહત્વને સમજે છે. જીજીએલ નીચેની બાબતોને સુનિશ્ચિત કરે છે કે :

- અમારા તમામ ઘરેલુ ગ્રાહકોને પીએનજીનો અવિરત ૨૪x૭ સપ્લાય મળે
- આવશ્યક સેવાઓ / અન્ય સર્વિસ પ્રોવાઇડર જેમ કે હોસ્પિટલ, ખાદ્ય ચીજો સપ્લાયર્સ, કેન્ટિન્સ, સ્મશાન, વૃદ્ધાશ્રમ વગેરે સહિતના વ્યવસાયિક ગ્રાહકોને પીએનજીનો અવિરત ૨૪x૭ સપ્લાય મળે
- ફાર્માસ્યુટિકલ અથવા રાસાયણિક પ્રક્રિયામાં રોકાયેલા ઉત્પાદન અથવા ઔદ્યોગિક એકમો સહિતના ઔદ્યોગિક ગ્રાહકોને પીએનજીનો અવિરત ૨૪x૭ સપ્લાય મળે
- ગ્રાહકના પરિસરમાં તથા પાઇપલાઇન નેટવર્કને લગતી ઈમરજન્સી ફરિયાદનું સમાધાન કરવું
- ગ્રાહકોની તમામ વિનંતી અને ફરિયાદોનો ફોન પર જવાબ આપવો
- કોવિડ-૧૯ના ફેલાવાને રોકવા માટે સરકારી સત્તાધિકારીઓ દ્વારા સૂચવવામાં / આદેશ કરવામાં આવેલ તમામ સાવચેતીઓનાં પગલાંનું પાલન કરવું



PREVENTION OF

COVID-19

GUJARAT GAS

# PNG
## (PIPED NATURAL GAS)

જીજીએલ ટીમના સભ્યોએ વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે નવા કનેક્શનનું ઈન્સ્ટોલેશન, ફેરફાર, વાર્ષિક જાળવણી, મીટર રીડિંગ અને ફરિયાદોના નિવારણ વગેરે માટે તમારા પરિસરની મુલાકાત લેવી પડતી હોવાથી અમે કોરોના વાયરસના ફેલાવાને રોકવા માટે તમામ જરૂરી સાવચેતીના પગલાંઓ સુનિશ્ચિત કર્યા છે.

## ગુજરાત ગેસ લિમિટેડ (જીજીએલ) દ્વારા લેવામાં આવતા સાવચેતીના પગલાં:

- જીજીએલએ ગ્રાહક પરિસરમાં પ્રોજેક્ટ, મેઈન્ટેનન્સ અને ઈમરજન્સીને લગતી પ્રવૃત્તિઓ વખતે કોવિડ-૧૯ માટેની સાવચેતી અંગે તેની પોતાની ઘનિષ્ઠ આરોગ્ય અને સલામતી માર્ગદર્શિકા અમલમાં મૂકી છે
- દરરોજ શિફ્ટ શરૂ થતાં પહેલાં અમારા બધા સ્ટાફનું થર્મલ સ્ક્રિનિંગ કરવામાં આવે છે
- જીજીએલ સ્ટાફને ગ્રાહકના પરિસરની મુલાકાત લેતી વખતે અમલ કરવા માટેનાં સાવચેતીનાં પગલાંઓ માટે કોવિડ-૧૯નાં વિવિધ પાસાઓ પર તાલીમ આપવામાં આવે છે
- જીજીએલ ટીમ સતત માસ્ક અને અન્ય પી.પી.ઇ. પહેરે છે
- ટીમના સભ્યો સ્વચ્છતા સુનિશ્ચિત કરે છે અને સાબુ અથવા સૈનિટાઈઝરનો ઉપયોગ કરીને નિયમિતપણે તેમના હાથ સાફ કરે છે
- જીજીએલ ટીમના સભ્યો સામાજિક અંતર જાળવી રાખે છે અને શ્વસન સંબંધી શિષ્ટાચારને અનુસરે છે
- ઉપકરણોના સાધનો, વાહનો વગેરેની સંપૂર્ણ અને નિયમિત સફાઇ તેમજ સૈનિટાઈઝેશન થાય છે
- તમારા પરિસરમાં વસ્તુઓ સાથે બિનજરૂરી સંપર્ક ટાળવામાં આવે છે







## હંમેશા તમારી સેવામાં

PREVENTION OF COVID-19

GUJARAT GAS

# PNG
## (PIPED NATURAL GAS)

જીજીએલ ટીમના સભ્યો વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે નવા કનેક્શનનું ઈન્સ્ટોલેશન, ફેરફાર, વાર્ષિક મેન્ટેનન્સ, મીટર રીડિંગ અને ફરિયાદોના નિવારણ વગેરે માટે તમારા પરિસરની મુલાકાત લે છે, તેથી અમારા મૂલ્યવાન ગ્રાહકોને કોરોના વાયરસનો ફેલાવો અટકાવવા અને એકબીજાને સુરક્ષિત રાખવા માટે નીચેની સાવચેતીઓનાં પગલાંઓ અનુસરવાની વિનંતી છે.

## જીજીએલ ટીમની મુલાકાત દરમિયાન ગ્રાહકોએ લેવાના સાવચેતીના પગલાંઃ

- તમારા પરિસરની મુલાકાત દરમિયાન તમારામાંથી ફક્ત એક જ વ્યક્તિ જીજીએલ ટીમના સભ્ય સાથે સંકલન કરશે
- જીજીએલ ટીમના સભ્ય સાથે રૂબરૂ વાતચીત કરવાને બદલે મોબાઈલ ફોનથી વાત કરવાનું પસંદ કરો
- નાક અને મોં ઢાંકવા માટે માસ્ક પહેરો
- જીજીએલ ટીમના સભ્ય સાથે ઓછામાં ઓછું ૨ મીટરનું સામાજિક અંતર જાળવવું
- શ્વસન શિષ્ટાચારનું પાલન કરો (ઉદાહરણ તરીકેઃ કોણી વાળીને / ટીસ્યુમાં ખાંસી ખાવી)
- જીજીએલ ટીમના સભ્ય તમારા પરિસરમાંથી જાય તે પછી તે સભ્ય દ્વારા સ્પર્શ કરેલી બધી સપાટી / ઉપકરણોને સાફ અને સૈનિટાઈઝ કરવા અમે તમને વિનંતી કરીએ છીએ




કોઈ પણ સૂચન માટે જીજીએલ કસ્ટમર કેર નંબર પર સંપર્ક કરો